## ભાદરવા વદ છઠ્ઠનું પિતૃતર્પણ



■ ભાદરવા વદ છઠ્ઠ હોવાથી સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા લંકા વિજય હનુમાન મંદિરમાં પિતૃતર્પણ વિધિમાં મોટી સંખ્યામાં લોકોએ પિતૃઓને યાદ કર્યા હતા. **(તસવીરઃ સતીષ જાદવ)**

# સસરા, સાળા, સાઢુભાઈના ત્રાસથી યુવકે ઝેરી દવા પી લીધી

**સ્યુસાઈડ** નોટમાં સાઢુ અને તેનો ભાઈ, સાળો અને સસરાએ ખુબ ટોર્ચર કરતા પગલું ભરવાનો ઉલ્લેખ

સુરતઃરાજકોટ ખાતે રહેતા મિનલભાઈ મહેતાના મોટા ભાઈ આશીષભાઈ મહેતા સુરત કાપોદ્રા ખાતે મધુવન સોસાયટીમાં રહેતા હતાં. ગત 10 સપ્ટેમ્બરે આશીષભાઈએ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. આશીષભાઈએ ભરેલા પગલાની પાછળ તપાસ કરતા તેમના ખિસામાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં સાઢુભાઈ અલ્પેશભાઈ પરસોત્તમભાઈ તેરૈયા (રહે.ચલાલા જિ.અમરેલી), અલ્પેશનો ભાઈ વિજયભાઈ પરસોત્તમભાઈ તેરૈયા (રહે.બોટાદ), સાળો કેતનભાઈ પ્રવિણભાઈ બોરીસાગર (રહે. રૂપસાગર સોસાયટી એ.કે.રોડ સુરત) તથા સસરા પ્રવિણભાઈ જીવાભાઈ બોરીસાગર (રહે. સાવરકુંડલા જિ..અમરેલી) દ્વારા ખૂબ ટોર્ચર કરવામાં આવતા અંતિમ પગલું ભરવાનો ઉલ્લેખ કરાયો હતો. જેને પગલે આશીષના ભાઈ મિલને સુરત કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં તેમના ભાઈ આશીષની આત્મહત્યાના દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી.

આશીષભાઈએ તેના સાળાની પત્ની સાથે ફોન પર વાત કરી હતી. અને તે વાતને લઈને આશીષને તેના સસરા પ્રવિણભાઈ તેમજ સાળા કેતન અને સાઢુ ભાઈએ ફોનમાં મારી નાંખવાની ધમકી આપી હતી. તથા સમાજમા બદનામ કરી દેવાનું કહ્યું હતું. જેના લીધે માનસિક ત્રાસથી કંટાળીને ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. પોલીસે દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ કરી વધારે તપાસ હાથ ધરી છે.

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે વાણિજ્ય સપ્તાહ અંતર્ગત 'એક્સપોર્ટર્સ કોન્ક્લેવ' યોજાઇ

# રો-મટિરિયલ નહીં વેલ્યુ એડેડ આઇટમ્સ જ એક્સપોર્ટ થવી જોઇએ : વિરેન્દ્ર સિંઘ

**ઇપીસીજી** લાયસન્સ કઢાવવામાં પણ દેશમાં સુરત ત્રીજા ક્રમે આવે છે

**કોરોના** છતાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં એક્સપોર્ટ 12000 કરોડથી વધી 17000 કરોડ થયું




સુરતઃ દેશને સ્વતંત્ર થવાને ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે ચેમ્બર દ્વારા ૨૦થી ૨૬ સપ્ટેમ્બર દરમ્યાન વાણિજ્ય સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ઉદ્ઘાટન સમારોહને સંબોધતા ડીજીએફટીના એડિશનલ કમિશનર વિરેન્દ્ર સિંઘે જણાવ્યું હતું કે કોરોના કાળમાં પણ સેઝના એક્સપોર્ટમાં 45 ટકાનો વધારો નોંધાયો છે. 12000 કરોડનું એક્સપોર્ટ 17000 કરોડ પર પહોંચ્યો છે તે દર્શાવે છે કે સુરતની ઇન્ડસ્ટ્રીમાં હજી ઘણું પોટેન્શિયલ છે.

ઇપીસીજી લાયસન્સ કઢાવવામાં પણ દેશમાં સુરત ત્રીજા ક્રમે આવે છે. આ સ્કીમનો સૌથી વધુ લાભ દિલ્હી, મુંબઇ પછી સુરતના ઉદ્યોગકારોએ લીધો છે. અત્યારે સૌથી મોટી સમસ્યા કન્ટેઇનરના અભાવની છે. એક કન્ટેઇનરનો ભાવ 1000 ડોલરથી વધી 7500 ડોલર થઇ ગયો છે.

એક્સપોર્ટ વધારવું હવે સહેલું છે હવે તે બધી પ્રોસેસ ઓનલાઇન છે અને માત્ર ત્રણ દિવસની અંદર એક્સપોર્ટરોને ઇપીસીજી અને એડવાન્સ ઓથોરાઇઝેશન મળી જાય છે. માલને નિર્યાત કરતા પહેલા એક્સપોર્ટરોએ સપ્લાય અને ડિમાન્ડનો ડેટા જોવાનો રહે છે. આઇટીસી એચએસ કોડ જોવાનો રહે છે. વિદેશમાં આ કોડ ૮ ડિજીટનો હોય છે અને ભારતમાં ૬ ડિજીટનો હોય છે.

એક્સપોર્ટરોને માલ-સામાનની આયાત - નિર્યાત કરવા માટે ડીજીએફટીમાં રજિસ્ટ્રેશન કરવાનું રહે છે. તેમણે ડ્યૂટી એક્ઝમ્પ્શન સ્કીમ અંતર્ગત એડવાન્સ લાયસન્સ લઇ શકાય છે. એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ અંતર્ગત ઇપીસીજી લાયસન્સ મેળવી શકાય છે. ભારતમાં ઇપીસીજી લાયસન્સ મેળવનારાઓમાં દિલ્હી અને મુંબઇ બાદ ત્રીજો નંબર સુરતનો આવે છે. કોવિડને કારણે ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૨૦ ની સમય મર્યાદા સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી વધારી દીધી છે. આથી એક્સપોર્ટ માટે પ્રોડક્ટની ક્વોલિટી ઉપર ખાસ ધ્યાન આપવું પડશે. ભારતમાંથી રો મટિરિયલનું એક્સપોર્ટ નહીં થવું જોઇએ અને કોઈપણ વસ્તુની વેલ્યુ એડેડ આઇટમ્સ એક્સપોર્ટ કરવા માટે એક્સપોર્ટરોને તેમણે અનુરોધ કર્યો હતો.

### 2020માં ભારતનો કુલ એક્સપોર્ટ 314 બિલિયન ડોલર હતો: આશિષ ગુજરાતી

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, મોટા ભાગના દેશો પોતાને ત્યાં થતા વેલ્યુ એડેડ ફિનીશ્ડ પ્રોડક્ટસ તથા ઇન્ટર મિડિએટ્સના ઇમ્પોર્ટ માટે ચાઇના પર નિર્ભર હતા, પરંતુ કોરોના કાળ દરમ્યાન ઉદ્ભવેલી સ્થિતિના કારણે વિશ્વ આખાની સપ્લાય ચેઇન ખોરવાઇ ગઇ અને વિશ્વની આખી અર્થ વ્યવસ્થા ડામાડોળ થઇ ગઇ છે. ભારતમાંથી વર્ષ ૨૦૨૦માં કુલ ૩૧૪ બિલિયન ડોલરનું એક્સપોર્ટ કરવામાં આવ્યું હતું. ચાઇનાનું કુલ એક્સપોર્ટ ૩૦૦૦ બિલિયન ડોલર જેટલું છે. એટલે કે, ચાઇનાનું એક્સપોર્ટ ભારતથી ૧૦ ગણું વધારે છે.

### વિશ્વમાં 750 બિલીયન ડોલરના કુલ એક્સપોર્ટ સામે ભારતનો એક્સપોર્ટ માત્ર 30 બિલિયન ડોલરનો છે

એસ.આર.ટી.ઇ.પી.સી.ના ચેરમેન ધીરજ શાહે જણાવ્યું હતું કે સિન્થેટિક રેયોન ટેક્સટાઇલ્સના નિર્યાત વિશે નિર્યાતકારોને જણાવ્યું હતું કે, બિઝનેસ કરવા કરતા એક્સપોર્ટ કરવું સહેલું છે. વિશ્વ આખામાં ૭૫૦ બિલિયન યુએસ ડોલરનો એક્સપોર્ટ થાય છે. જેમાં ભારતમાંથી માત્ર ૩૦ બિલિયન ડોલરનું એક્સપોર્ટ થાય છે.

**સુરત સેઝમાં એક્સપોર્ટ આ રીતે વધ્યો**

| વર્ષ | એક્સપોર્ટ (રૂ. કરોડમાં) |
|---|---|
| 2018 | 6000 |
| 2019 | 12000 |
| 2020 | 17825 |

# ફ્રુટ એન્ડ વેજીટેબલ માર્કેટિંગની ચૂંટણી માટે ભાજપ મેન્ડેટ આપે તેવી શક્યતા

**સુરત** એપીએમસીના ચેરમેન રમણ જાની ચૂંટણી લડે તો તેમની સામે સહકારી અગ્રણી રાજેશ પટેલ ઉમેદવારી નોંધાવે તેવી વકી

બારડોલી, સુરત : બારડોલી ખાતે આવેલી ગુજરાત સ્ટેટ કૉ-ઓપરેટિવ ફ્રુટ એન્ડ વેજીટેબલ માર્કેટિંગ ફેડરેશનમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ભાજપ મેન્ડેટ આપે તેવી શક્યતા છે. આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ સંદીપ દેસાઈ દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને ફેડરેશનની ચૂંટણીમાં કોને ઉમેદવાર બનાવવા તે અંગે માર્ગદર્શન માગવાનું નક્કી કર્યું છે. સુરત એપીએમસીના ચેરમેન રમણ જાની (પટેલ)એ ગુજરાતમિત્રને જણાવ્યું હતું કે, ફેડરેશનની ચૂંટણી લડવાની તેમની કોઈ તૈયારી નથી અને પાર્ટીએ તેમને કોઈ આદેશ પણ આપ્યો નથી. આ મામલે પાર્ટી જે નક્કી કરશે તેમ તેઓ કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસી વિચારસરણી ધરાવતા વર્તમાન પ્રમુખ સતીષ નાયક નાદુરસ્ત તબિયતને કારણે પ્રમુખ પદ માટે દાવેદારી નહીં કરવાના હોવાનું સામે આવ્યું છે. ત્યારે તેમની જગ્યાએ વર્તમાન ઉપપ્રમુખ રાજેશ પટેલ (પાપુ)એ ઉમેદવારી નોંધાવવાની તૈયારીઓ શરૂ કરી છે.

જો ભાજપ ફેડરેશન માટે રમણ જાનીનું નામ પસંદ કરે તો ચૂંટણી જંગ રોચક થઈ શકે છે. વર્તમાન પ્રમુખ સતિષભાઈ નાયકની અઢી વર્ષની ટર્મ પૂરી થતી હોય 28મી સપ્ટેમ્બરના રોજ આ માટે ચૂંટણી યોજાશે. ભાજપના સૂત્રો કહે છે કે ફેડરેશનની ચૂંટણી માટે આવતી કાલે પ્રદેશ ભાજપ પ્રમુખ સાથે ચર્ચાવિચારણા કરી ઉમેદવારી અંગે નિર્ણય લેવામાં આવશે.

# બારડોલી તાજપોર રોડ પરથી ગેરકાયદે બાયોડિઝલ વેચવાનું કૌભાંડ ઝડપાયું

**ટ્રક** સહિત રૂ. 13 લાખના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ

બારડોલીઃ બારડોલીના તાજપોર ગામે આવેલી અમીધારા રાઈસમિલના કમ્પાઉન્ડમાંથી સુરત જિલ્લા એલ.સી.બી.એ શંકાસ્પદ બાયોડિઝલનો જથ્થો ઝડપી પાડી 13 લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી બાયોડિઝલનો વેપલો કરતા ત્રણ શખ્સોની ધરપકડ કરી છે.

બારડોલી નવસારી રોડ પર તાજપોર ગામની સીમમાં આવેલા અમીધારા રાઈસમિલના કમ્પાઉન્ડમાં ગેરકાયદેસર રીતે બાયોડિઝલ જેવું હલકી કક્ષાનું જ્વલનશીલ પ્રવાહી લોખંડની ટાંકીમાં રાખી વાહનોમાં ભરી કેટલાક શખસો વેચાણ કરે છે અને હાલમાં પણ તે ચાલુ જ છે.



એવી બાતમીના આધારે સુરત જિલ્લા એલ.સી.બી.ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા ત્યાં એક ટ્રક પાર્ક કરેલ હતી અને તેની ડીઝલ ટેન્ક પાસે ત્રણ ઈસમો ઉભેલા હતા.

પોલીસે ત્રણેયને પકડી લીધા હતા. પૂછપરછમાં તેઓ ગેરકાયદેસર રીતે બાયોડિઝલ વેચી રહ્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે સ્થળ પરથી મનોજ મૂળજી પ્રજાપતિ (રહે લેકસીટી, બાબેન, તા. બારડોલી), ગૌતમ પરશુરામ મંડીર ( રહે સહકાર બંગલોઝ, કામરેજ) અને રાજુભાઈ દાનાભાઈ હુણ ( રહે ધારાનગરી, પોરબંદર)ની અટક કરી હતી જ્યારે બાયોડિઝલનો જથ્થો પૂરો પાડનાર મુંબઈના સરફરાઝને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે સ્થળ પરથી બે મોટી લોખંડની ટાંકીમાંથી 8 હજાર લીટર શંકાસ્પદ બાયોડિઝલ કિંમત રૂ. 5.60 લાખ, ટ્રક કિંમત રૂ. 7 લાખ મળી કુલ 13 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# સોનગઢની શાળાના આચાર્યએ ધો.5ની વિદ્યાર્થિનીની છાતી પર હાથ ફેરવતા બબાલ

**સોનગઢના** ફતેપુર શાળાની વિદ્યાર્થિનીને સફાઈ કામ માટે શાળામાં બોલાવી શારીરિક અડપલાં કર્યા, ગ્રામજનોએ પકડી પોલીસને હવાલે કર્યો

**રોષે** ભરાયેલા ગ્રામજનો સરપંચ સાથે શાળાએ ધસી ગયા, પોલીસને બોલાવી : આચાર્યને સસ્પેન્ડ કરવાની માંગણી કરી

વ્યારાઃ સોનગઢનાં બોરદા વિસ્તારના ફતેપુર ગામની પ્રા. શાળાના લંપટ આચાર્યએ ધોરણ-૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને સફાઈ કામ માટે શાળામાં બોલાવી શારીરિક અડપલાં કર્યા હતા. પોતાનાં માતા- પિતાને જાણ કરતા સગીરાની છેડતીનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. માસુમ વિદ્યાર્થિનીની છેડતી મામલે પોલીસ ફરિયાદ નોંધાતા શિક્ષણ આલમમાં ખળભળાટ મચી ગયો છે.

જોકે, આ લખાય છે ત્યાં સુધી જિલ્લા શિક્ષણ અધિકારીએ આ લંપટ આચાર્ય વિરુદ્ધ કોઈ નક્કર પગલાં ભર્યાંનું સામે આવ્યું નથી.

સોનગઢ તાલુકાના છેવાડાના બોરદા વિસ્તારની ફતેપુર ગામમાં પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા નરપત વસાવાએ ધો-૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને એકલી બોલાવી શરીરે હાથ ફેરવ્યો હતો. તેણીની છાતીના ભાગે અડપલાં કરી જાતિય સતામણી કરી હતી. બાદમાં માસુમ વિદ્યાર્થિનીએ પોતાના પરિવારજનોને આચાર્યે તેની સાથે કરેલી હરકતની જાણ કરી હતી. ગ્રામજનોને પણ આ ઘટનાંની જાણ થતાં ભારે રોષ છવાયો હતો અને સરપંચ સાથે શાળાએ પહોંચી હોબાળો મચાવ્યો હતો. લંપટ આચાર્યને જેલના સળિયા પાછળ ધકેલવા પોલીસને બોલાવી તેઓનાં હવાલે કર્યો હતો. હાલ તો ગ્રામજનોએ આ લંપટ શિક્ષકને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગ કરી છે. વિદ્યાર્થીનીના માતા-પિતાની ફરિયાદના આધારે પોલીસે આઈપીસીની છેડતી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આચાર્યની ધરપકડ કરી હતી.

## ઢોલી રે તારો ઢોલ વાગે...નવરાત્રિના પડઘમ



■ ઢોલ વગર નવરાત્રિની કલ્પના કરવી પણ અશક્ય છે અને જ્યારે હવે સરકારે શેરી ગરબાને મર્યાદિત સંખ્યામાં ઉજવણી કરવાની મંજૂરી આપી દીધી હોવાથી સુરતના ડબગરવાડમાં ઢોલના વિક્રેતાઓ તૈયારીમાં લાગી ગયા છે. **(તસવીર : સતીષ જાદવ)**

# મહિલાના ગુરૂભાઈઓ સાથેના ફોટા ઉપર ગાળો લખનાર તેની ભાણેજ નીકળી

**અમરોલીમાં** પારિવારીક ખટરાગને કારણે ભાણેજે જ ફેક ઇન્સ્ટાગ્રામ આઈડી બનાવી હતી

સુરતઃ અમરોલી ખાતે રહેતી મહિલાએ સોમનાથ દરિયા કિનારે તેના બે ગુરૂ ભાઈઓ સાથે ફોટો પાડી વોટ્સએપ સ્ટેટસમાં મુક્યો હતો. તેના દસ મિનિટમાં જ કોઈકે તેના ફેક ઈન્સ્ટાગ્રામ ઉપર ફોટો ઉપર ગાળો લખીને અપલોડ કર્યો હતો. અમરોલી પોલીસે આ અંગે ફરિયાદ નોંધી તપાસ કરતા આ કારસ્તાન કરનાર મહિલાની ભાણેજ જ નીકળી છે.

અમરોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અમરોલી ખાતે રહેતી 40 વર્ષીય આશાબેન (નામ બદલ્યું છે) ગત 11 આગસ્ટે તેમના ગુરૂ ભાઈ સુરેશગીરી અને વિશ્વાસગીરી સાથે સોમનાથ મહાદેવ દર્શન માટે ગયા હતા તેઓ દર્શન કરીને બહાર આવી દરિયા કિનારે તેમના બંને ગુરૂ ભાઈ સાથે ફોટો પડાવી વોટ્સએપ સ્ટેટસ ઉપર મુક્યો હતો. આ ફોટો ઉપર કોઈકે ગાળો લખીને ઈન્સ્ટાગ્રામ ઉપર વાયરલ કર્યો હતો. જેથી દસ મિનિટમાં જ આશાબેનને તેમની સાથે રહેલા સાવનભાઈએ આ અંગે જાણ કરી હતી. અને તે જ સમયે આશાબેનના પતિએ પણ તેમને આ ફોટોનો સ્ક્રિન શોટ મોકલી આપ્યો હતો. મહિલાએ અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ દરમિયાન કિંજલબેન પ્રવિણભાઈ ધોળીયા (ઉ.વ.૨૫, રહે. સુમન સુરજ, મુખ્યમંત્રી આવાસ, સુદામા ચોક, મોટા વરાછા તથા મુળ ગારીયાધાર, ભાવનગર)ની ધરપકડ કરી હતી.

# નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિ.માં સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટિસ-પોલિસી સ્ટડીઝનો પ્રારંભ

**એક્સપર્ટ** માનવબળ આ નવા અભ્યાસક્રમથી દેશને મળશે : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગરઃ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલી સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝના આરંભ થયો છે. આ સમારંભમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે સ્કૂલ ઓફ લો - ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ ટેકનો લિગલ એક્સપર્ટ એવા ટેકનોલોજીથી સુસજ્જ નિષ્ણાંતોનું માનવબળ દેશને પુરું પાડશે. પટેલે કહ્યું હતું કે, વર્તમાન સમયમાં ગૂનાના પ્રકારો બદલાયા છે ત્યારે ટેકનોલોજીના સમન્વયથી સાંપ્રત પડકારો ઝીલી લઈ ફોરેન્સિક સાયન્સ એન્ડ જસ્ટિસની મદદથી પૂરાવાઓ અદાલતોમાં રજૂ કરવામાં સરળતા થશે, આના પરિણામે ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે.

કેન્દ્ર સરકારના કાયદા-ન્યાયતંત્ર મંત્રી કિરણ રિજિજુએ આ નવનિર્મિત સ્કૂલનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સુપ્રિમ કોર્ટના જસ્ટીસ એમ.આર.શાહ, ગુજરાત વડી અદાલના કાર્યકારી ચીફ જસ્ટીસ આર.એમ.છાયા, રાજ્યના કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ રાજ્ય વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, ન્યાયવિદો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી હવે 28મી સપ્ટે.એ કોંગ્રેસમાં જોડાશે!

ગાંધીનગરઃ આગામી તા.28 સપ્ટે.ના રોજ બનાસકાંઠાના વડગામના અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી હવે કોંગ્રેસમાં જોડાય તેવી સંભાવના છે. જીગ્નેશ મેવાણી ઉપરાંત વિદ્યાર્થી નેતા કનૈયાકુમાર પણ કોંગીમાં જોડાય તેવા ચક્રો ગતિમાન થયા છે. ખાસ કરીને ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ આ સમગ્ર બાબતે મધ્યસ્થી કરી રહ્યા છે. જો કે આ મુદ્દે કોંગ્રેસ દ્વારા કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ કવાયત કરવામાં આવી રહી છે.

# આજના ભારતબંધના એલાનને ખેડૂત સમન્વય સમિતિ અને ટ્રેડ યુનિયન કાઉન્સિલનો ટેકો

**ઓલપાડ** ખાદી ભંડાર ત્રણ રસ્તા ખાતે ખેડૂત આગેવાનો ત્રણ કૃષિ કાનૂનો સામે દેખાવો યોજશે



સુરત, દેલાડઃ સંયુક્ત કિસાન મોરચા દ્વારા દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનના સમર્થનમાં અને ખેડૂત વિરોધી ત્રણ કૃષિ કાયદાના વિરોધમાં ગુજરાત ખેડૂત સમન્વય સમિતિ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ, સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલ ઈન્ટુક, આઈટુક સહિતના સંગઠનોએ આવતી કાલના ભારત બંધના એલાનને ટેકો જાહેર કર્યો છે.

ખેડૂત સમન્વય સમિતિ દ્વારા પ્રદેશ કક્ષાનો કાર્યક્રમ અમદાવાદના લાલ દરવાજા ખાતે યોજાશે. ખેડૂત સમન્વય સમિતિના કન્વીનર જયેશ પટેલ (પાલ) અને ડાહ્યાભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે આવતી કાલે સોમવારે ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકા મથકે ખેડૂત આગેવાનો ત્રણ કાળા કાયદાઓ સામે દેખાવો યોજશે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ (ઓરમા)એ જણાવ્યું હતું કે સંયુકત કિસાન મોર્ચાએ કરેલી અપીલને પગલે સુરત જિલ્લાના તાલુકાઓમાં તથા દક્ષિણ ગુજરાતમાં ખેડૂત આગેવાનો અને મજૂર આગેવાનો દેખાવો યોજશે.

સુરત જિલ્લાના સહકારી આગેવાન દર્શન નાયકે જણાવ્યું હતું કે, આવતી કાલે સોમવારે સવારે 10 કલાકે ઓલપાડ ખાદી ભંડાર ત્રણ રસ્તા ખાતે ખેડૂતો અને મજૂરો ત્રણ કાળા કૃષિ કાયદા સામે દેખાવો યોજશે. સુરત જિલ્લાના સહકારી આગેવાનો અને ખેડૂત આગેવાનો શાંતિપૂર્ણ રીતે દેખાવમાં જોડાય તેવી અપીલ કરવામાં આવી છે.

સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલના સેક્રેટરી જૈમિન દેસાઈએ જણાવ્યું હતું કે, 'ખેડૂતોની સાથે સાથે વર્ષોથી પેન્ડિંગ પડેલી ટ્રેડ યુનિયનની માંગણીઓ કેન્દ્ર સરકારને ધ્યાને ચડે તમામ કેન્દ્રિય ટ્રેડ યુનિયનઓએ પણ આ બંધને સમર્થન આપ્યું છે. અને અમે સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલ આ મુદ્દે ખેડૂતોની સાથે મળીને દેખાવો કરશે. નવો કૃષિ કાયદો અમલમાં આવે તે પહેલા જ ગુજરાતમાં અને સમગ્ર દેશમાં એપીએમસીઓ બંધ થવા લાગી છે અને તેના કર્મચારીઓને છુટ્ટા કરવામાં આવી રહ્યા છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### સુરત-નવસારીની...

બિલની એન્ટ્રી પર બીજી ડાયમંડ કંપનીઓને 1 ટકા કમિશન ચુકવવામાં આવ્યું છે. આવકવેરા વિભાગ સોમવારે સીઝ કરવામાં આવેલા 10 લોકર ખોલવાની કાર્યવાહી શરૂ કરશે. અત્યાર સુધી વિભાગને 3.5 કરોડની રોકડ અને જવેલરી મળી આવી હતી. જે સીઝ કરવામાં આવી છે.

### ઉપરવાસમાં વરસાદ...

ફૂટ નીચે છે. પરંતુ સામે મોટું જોખમ છે. 345 ફૂટે ડેમ છલોછલ ભરાઈ જાય છે અને ત્યાર પછી પરિસ્થિતિ કાબૂ બહાર જઈ શકે તેવી શક્યતા રહે છે. તેને કારણે તંત્રએ હવે દોડવાની ફરજ પડી છે અને ડેમમાંથી મોડી રાતે 70 હજાર ક્યુસેક પાણી છોડાયા બાદ પાણીની આવક યથાવત રહે તો 98 હજાર ક્યુસેક પાણી છોડાશે. તેવી સુચના સબંધિત વિભાગોને કરી દેવાઈ છે.

દરમિયાન શનિવારે છોડાયેલા પાણીના કારણે રવિવારે તાપી નદી છલોછલ વહેતી નજરે પડી હતી.

### તાજેતરમાં જ...

પીઆઈ, એક હેડ કોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલની ધરપકડ કરી હતી. જો કે, સુરત એલસીબીની કસ્ટડીમાં જે યુવાનનું મોત થયું છે તેણે આપઘાત કર્યો કે તેને મારી નાંખવામાં આવ્યો છે તે હજી સ્પષ્ટ નથી પરંતુ આ યુવાનને ન્યાય અપાવવા ભિલિસ્તાન ટાઈગર સેના મેદાનમાં આવી ગઈ છે.